14


# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

★★★★

( Accredited by NAAC )

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૫
ફોન નં. ૨૫૭૮૫૦૧ થી ૧૨ (એક્સ.) ૨૧૪


નં.જોડાણ/૨/639 /૨૦૦૭

તા.30/૫/૨૦૦૭

પ્રતિ,
સચિવશ્રી,
શિક્ષણ વિભાગ,
ગુજરાત રાજ્ય,
બ્લોક નં.૫, ૭–મે માળે, સચિવાલય,
નવા સચિવાલય,
ગાંધીનગર – ૩૮૨ ૦૧૦

વિષય :– સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન ભાગ્યોદય એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સૂચિત અર્પિત કોલેજ ઓફ એજ્યુકેશન, રાજકોટ ના ચાલુ/વધારાના/કાયમી/નવા જોડાણ બાબત

શ્રીમાન,

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમની કલમ – ૩૪ (૪) અનુસાર આ યુનિવર્સિટીના વિસ્તારમાં આવેલી ઉપર્યુક્ત કોલેજે તેના ચાલુ / વધારાના / કાયમી / નવા જોડાણ માટે અરજી કરી હતી અને તેના પર જરૂરી તપાસ કરી એકેડેમિક કાઉન્સિલે તથા સિન્ડિકેટે જરૂરી વિચારણા કરી હતી, તે કાર્યવાહી સંબંધમાં સદરહુ કોલેજની

(૧) જોડાણ માટેની અરજી
(૨) સ્થાનિક તપાસ સમિતિનો રીપોર્ટ અને
(૩) એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટના ઠરાવો આ સાથે મોકલવામાં આવે છે.

સિન્ડિકેટે તા. ૧–૫–૨૦૦૭ ની સભામાં સદરહુ જોડાણ અરજી, સ્થાનિક તપાસ સમિતિનો રીપોર્ટ તથા એકેડેમિક કાઉન્સિલના ઠરાવ ઉપર વિચારણા કરી હતી અને સિન્ડિકેટે તેના ઠરાવમાં જણાવેલી શરતોનું પરિપાલન થાય તો રાજ્ય સરકારને કોલેજે માંગેલું જોડાણ આપવા ઠરાવ્યુ છે.

આ બાબતની જાણ કોલેજને કરવામાં આવી છે અને વધુમાં જણાવવામા આવ્યું છે કે જો આ અંગે કોલેજને કોઈ રજૂઆત કરવી હોય તો તે કોલેજના આચાર્યે યુનિવર્સિટીને તથા રાજ્ય સરકારને કરવી. આ કાર્યાલયને આચાર્ય તરફથી કરવામાં આવેલી રજૂઆત (જો કોઈ હશે તો તે) આપના તરફ રવાના કરવામાં આવશે તથા સિન્ડિકેટે જણાવેલ શરતોનું સંતોષકારક પરિપાલન થયે તેની જાણ આપને યથા સમયે કરવામાં આવશે.

ઉપર્યુક્ત બાબત ધ્યાનમાં લઈ ઉક્ત કોલેજને જોડાણ આપવા અંગેની જરૂરી કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

કુલસચિવ

બિડાણ :–
૧) જોડાણ અરજી
૨) સ્થાનિક તપાસ સમિતિનો રીપોર્ટ
૩) એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટના ઠરાવો

MANAGING TRUSTEE
BHAGYODAY EDUCATION AND CHARITABLE TRUST
RAJKOT.

નકલ રવાના :–
૧) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી,
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, બ્લોક નં.૧૨,
ડૉ.જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય,
ગાંધીનગર – ૩૮૨ ૦૧૦
૨) ઉક્ત કોલેજના આચાર્યશ્રી તરફ...

# સિન્ડિકેટ તા.૧–૫–૦૭ ઠરાવ ક્રમાંક :– ૧૧૮

૧૧૮ જોડાણ આચાર્યશ્રી, ભાગ્યોદય એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સુચિત અર્પિત કોલેજ ઓફ એજ્યુકેશન, રાજકોટ તરફથી જુન–૦૬ થી નીચેની વિગતે નવા જોડાણ માટે આવેલ જોડાણ અરજી તથા તે પરત્વેના નીડ કમિટિ તથા સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલે તેની તા.૨૭–૪–૨૦૦૭ ની સભામાં કામકાજ ક્રમાંક : ૮૭ થી કરેલ નીચે મુજબની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**જોડાણની વિગત ::–**

શિક્ષણ વિદ્યાશાખા ::– (નવુ જોડાણ)

બી.એડ.પદવીના અભ્યાસક્રમો

**(નોંધ ::–**

(૧) ટ્રસ્ટ દ્વારા જરૂરી જોડાણ ફી સાથે વર્ષ ૨૦૦૬–૨૦૦૭ ની જોડાણ અરજી ઓડી.૧૪૪ની સમય મર્યાદામાં કરવામાં આવેલ છે.

(૨) શિક્ષણ વિભાગના તા.૨૫–૭–૦૫ ના પત્રના અનુસંધાને જોડાણ કાર્યવાહી કરવાની થતી નથી તથા ફી પરત કરવા બાબતે અસલ સનદ મંગાવેલ પરંતુ ટ્રસ્ટ દ્વારા ફી પરત લેવામા આવેલ નથી.

(૩) નામદાર હાઈકોર્ટ દ્વારા શિક્ષણ વિભાગના તા.૨૫–૭–૦૫ ના પત્રને કાઢી નાખવામાં આવેલ છે.

(૪) સંસ્થાને એન.સી.ટી.ઈ. દ્વારા વર્ષ ૨૦૦૬–૨૦૦૭ થી બી.એડ.ની મંજુરી મળેલ છે.

(૫) હાઈકોર્ટના આદેશ મુજબ યોગ્ય સમય મર્યાદામાં જોડાણ અંગેની યોગ્ય કાર્યવાહી થવા આદેશ થયેલ છે.

(૬) ઉપર્યુકત કોલેજની જોડાણ અરજી તથા તે પરત્વેનો નીડ કમિટિ તથા સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ તથા નામદાર હાઈકોર્ટના જજમેન્ટ ની નકલ આ સાથે પરિશિષ્ટ – ૭૨ તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, આચાર્યશ્રી, ભાગ્યોદય એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સુચિત અર્પિત કોલેજ ઓફ એજ્યુકેશન, રાજકોટ. તરફથી જૂન–૦૭ થી ઉપર દર્શાવેલ જોડાણની વિગતે શિક્ષણ વિદ્યાશાખાનું નવું જોડાણ યુનિવર્સિટીએ નિયત કરેલ તથા સ્થાનિક તપાસ સમિતિએ મુકેલ જોડાણની શરતોનું પરિપાલન તા.૧૦–૦૬–૦૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તા.૧૫–૬–૨૦૦૭ થી તા.૧૪–૬–૨૦૦૮ સુધીનું એક વર્ષનું નવું જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સંસ્થાએ શિક્ષણ વિદ્યાશાખાનું નવું જોડાણ પરત્વે રાજ્ય સરકારશ્રીની સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી મેળવી રજૂ કરવી ત્યારબાદ જ પ્રવેશ કાર્યવાહી કરવી અન્યથા વર્ષ–૦૭/૦૮ ના એનરોલમેન્ટ નહિ સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે આચાર્યશ્રી ભાગ્યોદય એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સુચિત અર્પિત કોલેજ ઓફ એજ્યુકેશન, રાજકોટ. તરફથી જૂન–૦૭ થી ઉપર્યુકત જોડાણ અરજી પરત્વેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી તથા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવી.